**આણંદ જિલ્લાના ઔદ્યોગિક એકમો સામે મળેલ ફરિયાદો**

*** 15/3/170 : શ્રી વિપુલકુમાર પટેલ** (સોજીત્રા) **: માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન આણંદ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે કર્મચારી/વર્કરોના શોષણ અને અન્યાય બાબતે કેટલી ફરિયાદો મળી, અને | (૧) | ૧૯ |
| (૨) | તે ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી? | (૨) | • ૦૪ ફરિયાદોમાં ૦૪ શ્રમયોગીઓને રૂ.૫૯,૮૯૦/- નું સમજાવટથી ચુકવણું કરાવેલ છે.<br>• ૦૩ ફરિયાદોમાં ૦૩ ઔદ્યોગિક એકમો સામે ૦૪ ફોજદારી કેસો કરવામાં આવેલ છે.<br>• ૦૨ ફરિયાદોમાં ઔદ્યોગિક એકમ દ્વારા શ્રમ કાયદાનું પાલન કરવામાં આવેલ છે.<br>• ૦૨ ફરિયાદોમાં શ્રમયોગીઓને ઔદ્યોગિક વિવાદ ધારા-૧૯૪૭ની કલમ ૧૦(૧) હેઠળ નોકરીમાં પુનઃસ્થાપિત કરવાની અરજી દાખલ કરવા સલાહ આપવામાં આવેલ છે.<br>• ૦૧ ફરિયાદમાં જણાવેલ સરનામે તપાસ કરતાં સંસ્થા મળી આવેલ નથી.<br>• નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીને મળેલ ફરિયાદો અન્વયે કુલ-૦૩ કારખાના વિરૂધ્ધ કુલ-૧૫ ફોજદારી કેસો કરવામાં આવેલ છે. |

---------------